બોર્ડર વિલેજીસ ગામોમાં સમાવેશ
કરવા બાબત.
જિલ્લો: વડોદરા, છોટા ઉદેપુર

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: ટીએપી/૧૦૨૦૧૦/ન.બા.૯/૧૫/ઘ

સચિવાલય, ગાંધીનગર.

તા. ૦૪/૧૧/૨૦૧૫

## વંચાણે લીધા :-

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૧/૦૬/૨૦૧૦નો પત્ર ક્રમાંક: ટીએપી/૧૦૨૦૧૦/૯૫૭/ઘ

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૫/૦૯/૨૦૧૩નો પત્ર ક્રમાંક: અમશ/૧૫૧૦/ન.બા.૯/ઘ

(૩) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૧૨/૦૩/૨૦૧૫ના પત્ર ક્રમાંક: આવક/અજન/૩/ફા.નં.૨૭/૨૦૧૪/૨૭૫

(૪) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરીનો તા.૦૧/૦૭/૨૦૧૫ના પત્ર ક્રમાંક: આવક/અજન/૩/ફા.નં.૨૭/૨૦૧૪/૧૦૪૭

## પ્રસ્તાવના :-

ગુજરાત રાજયમાં અનુસૂચિત જનજાતિના ઉત્કર્ષ સરહદી ગામોને રસ્તા, આવાસ, આરોગ્ય, સિંચાઇ, પીવાનું પાણી, વિજળી જોડાણ, પ્રાથમિક શિક્ષણ, બાલવાડી, આંગણવાડી, બહારગામ ભણવા જતા વિદ્યાર્થીઓને સરકારી બસની સુવિધા વગેરે જેવી પાયાની સુવિધાથી વંચિત ન રહે તેમજ સમાજના અન્ય સમાજની હરોળમાં હરણફાળ ભરી શકે તે હેતુથી રાજય સરકાર દ્વારા ઘણી બધી યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ છે. તેમ છતાં અન્ય રાજ્યોની સરહદે ગામો ખૂબ જ દૂર તેમજ છેવાડા હોવાથી તેઓને પૂરેપૂરો લાભ મળી શકતો નથી.

## ઠરાવ :-

રાજયના અનુસૂચિત જનજાતિના સરહદી વિસ્તારના સ્વર્ણિમ સોપાનમાં આદિવાસી ગામોને આંતર માળખાકીય સુવિધા પુરી પાડવા બાબતે વંચાણે લીધા ક્રમાંક: (૩) અને (૪) થી કમિશનરશ્રી(આ.વિ.)નાં તા.૧૨/૦૩/૨૦૧૫ના પત્રક: અવક/અજન/૩/ફા.નં.૨૭/૨૦૧૪

/૨૭૫ તથા તા.૦૧/૦૭/૨૦૧૫ નાં પત્ર ક્રમાંક:અવક/અજન/૩/ફા.નં.૨૭/૨૦૧૪ /૧૦૪૭ થી પ્રાયોજના વહીવટદારશ્રી, છોટા ઉદેપુર ના પત્રથી બોર્ડર વિલેજીસ ગામોમાં સમાવેશ કરવાના બાકી રહેલ ગામોનો સમાવેશ કરવા દરખાસ્ત સરકારશ્રીની પુખ્ત વિચારણા હેઠળ હતી. કાળજી પૂર્વકની વિચારણાના અંતે વડોદરા તથા છોટા ઉદેપુર જીલ્લાના (૧)વગુદણ, (૨)ચીચબા , (૩)સિહદા, (૪)ગાબડીયા ગામોને બોર્ડર વિલેજીસ તરીકે જાહેર કરવામાં આવે છે.

હાલના પોકેટમાં સમાવેશ કરાયેલ ગામોના આદિજાતિના ઇસમોને આદિજાતિ વિસ્તાર પેટા યોજનાના જે લાભો મળે છે. તે તમામ લાભો આ ગામોના આદિજાતિ ઇસમોને આપવાના રહેશે. આ નવા ગામો અંગે પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવા આદિજાતિ વિકાસ કમિશનરશ્રીએ વિનંતી કરવામાં આવે છે. તથા આ વિસ્તારના આદિજાતિ લાભાર્થીઓ માટે યોગ્ય યોજનાઓ બનાવી તેનો અમલ કરવા જરૂરી કાર્યવાહી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર માન.મુખ્ય મંત્રીશ્રીની તા.૨૩/૦૯/૨૦૧૫ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

હરેશદવે
( હરેશ દવે )
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(મા.મ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.સંસદીય સચિવશ્રી(આ.વિ.)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, વડોદરા/છોટા ઉદેપુર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીઓ, વડોદરા/છોટા ઉદેપુર.
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓ.
- સર્વે તકેદારી અધિકારીશ્રીઓ(આ.વિ.).
- જુનીયર સીસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ અર્થે.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજયુકેશનલ ઇન્સ્ટીટયુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- વિભાગનાં સર્વે અધિકારીશ્રીઓ.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.